# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM Mann Ki Baat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની 120મી કડીમાં રાજ્યના  એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આરોગ્ય વન, એકતા નર્સરી, વિશ્વ વન અને મિયાવાકી ફોરેસ્ટમાં મોટા પ્રમાણમાં જોવા મળતા કૃષ્ણકમલ ફુલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે શ્રોતાઓને આવા ફુલોની રસપ્રદ યાત્રા અંગે લખવા આહવાન કર્યું હતું. પ્રધાનમંત્રીએ  મ્યાનમારમાં આવેલા ભૂકંપમાં ભારત ઓપરેશન બ્રહ્મા હેઠળ સહાય આપવા માટે સૌથી પહેલુ પહોચ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો

(BYTE PM MODI operation brahma)

આજથી શરૂ થયેલી ચૈત્ર નવરાત્રિ સહિતનાં તહેવારો પ્રસંગે સમગ્ર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આ ઉનાળાની રજાઓમાં નવા શોખ કેળવવા અને રચનાત્મક કાર્યો કરવા સલાહ આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાપડના કચરાને સમગ્ર વિશ્વ માટે ચિંતાનું મોટું કારણ ગણાવ્યું છે.

ઉનાળો શરૂ થઈ ગયો છે ત્યારે અનેક રાજ્યોમાં જળ સંચયનુ કાર્ય વેગ પકડી રહ્યું છે. દર વર્ષની જેમ કેચ ધ રેઇન ઝૂંબેશ માટેની તૈયારી યુધ્ધનાં ધોરણે ચાલી રહી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો..તાજેતરમાં પૂર્ણ થયેલા ખેલો ઇન્ડિયા પેરાગેમ્સમાં ખેલાડીઓનાં સમર્પણ અને પ્રતિભાની તેમણે પ્રશંસા કરી હતી.

# GST RAID

રાજ્યના જીએસટી વિભાગે પાન મસાલાના ડિલરો પર કરેલી કાર્યવાહીમાં 5.68 કરોડ રૂપિયાની કરચોરી મળી આવી છે.

GST વિભાગે 25 માર્ચના રોજ અમદાવાદના પાન મસાલા અને તમાકુ વેપારીઓ પર વિશેષ તપાસ અભિયાન હાથ ધર્યું હતું. આ ઓપરેશન દરમિયાન મણિનગર , કુબેરનગર અને ચાંગોદર સહિતના 22 સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન રોકડના વ્યવહારો દ્વારા બિન-હીસાબી વેચારણ, બિન-હીસાબી સ્ટોક અને બિન નોંધાયેલા ડીલર જેવી ગેરરિતીઓ મળી આવી હતી.

# AMBAJI CHAITRI NAVRATRI

ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે અંબાજી મંદિરમાં મંગળા આરતીમાં આજે વહેલી સવારથી શ્રદ્ધાળુઓ દર્શન કરવા ઉમટી પડ્યા છે. શ્રધ્ધાળુઓ રાતથી જ માતાજીની મંદિરના પટ ખુલવાની રાહમાં લાઇન લગાવીને ઉભા હતા. સવારે સાત કલાકે મંગળા આરતીનાં દર્શન કરીને ભક્તોએ નવરાત્રિના અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો છે.

આજે અંબાજી મંદિરમાં ઘટસ્થાપન વિધી કરવામાં આવી હતી. ઘટસ્થાપનમાં સાત પ્રકારનાં વિવિધ ધાનનું માં વાવેતર કરવામાં આવ્યું હતું. અંબાજી મંદિરમાં આઝાદી પુર્વેથી ચાલી આવતી પરંપરા મુજબ 24 કલાક નવ દિવસ અખંડ ધુનનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે મંદિરને ફૂલોથી શણગારવામાં આવ્યું છે.

આ અંગે એક શ્રધ્ધાળુએ પ્રતિક્રિયા આપી

(BYTE: Chaitri Navratri Ambaji)

# PANCHMAHAL DISHA MEETING

પંચમહાલ જિલ્લાના લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવની અધ્યક્ષતામાં  જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ – દિશાની બેઠક યોજાઈ ગઈ.

આ બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓએ જિલ્લામાં વિવિધ યોજના અંતર્ગત થયેલ કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. શ્રી જાદવે પંચમહાલ જિલ્લામાં કેન્દ્ર સરકારની યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તે રીતે કામ કરવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં ધારાસભ્ય અને તાલુકાઓના જનપ્રતિનિધીશ્રીઓ દ્વારા રોડ રસ્તા, શાળાના નવા ઓરડા, જળ વ્યવસ્થાપન, આરોગ્યલક્ષી સુવિધાઓ સહિતના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. શ્રી જાદવે આ પ્રશ્નોના ઝડપથી હકારાત્મક નિકાલ કરવા જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

# MEHSANA NATURAL FARMING SEMINAR

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના દગાવાડિયા ગામે પ્રાકૃતિક ખેતી અંગે સેમિનાર યોજાઈ ગયો.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે દગાવાડિયા ગામની અનુપમ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા આ સેમિનારમાં પ્રાકૃતિક કૃષિની જરૂરીયાત, મહત્વ, ઉપયોગ અને અસરો અંગે ગ્રામજનો સહિત બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રાકૃતિક ખેતીના તજજ્ઞ દ્વારા જીવામૃત, બીજામૃત કેવી રીતે બનાવવામાં આવે છે તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી  હતી. આ ઉપરાંત દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગે જાણકારી અપાઈ હતી.

# DANG BHAJAP KARYALAY

ડાંગમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલના હસ્તે ભાજપના મધ્યસ્થ કાર્યાલય કમલમ નું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમની સાથે સંગઠન મંત્રી રત્નાકરજી પર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી પાટિલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારે દરેક સમાજનો વિકાસ થાય તે દિશામાં પ્રયાસો હાથ ધર્યા છે અને ખાસ કરીને આદિવાસી લોકોના વિકાસ પર પણ  ધ્યાન આપ્યું છે. તેમેને વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યાલય બનશે ત્યારે  તેમાં તમામ માહિતીઓ લોકોને ઉપલબ્ધ થશે સરકારની દરેક યોજનાની પણ માહિતી આ કાર્યાલય માંથી મળી રહેશે.